# વાયડામિત્ર

વર્ષ : ૧૦૪
ફેબ્રુઆરી - ૨૦૨૬ અંક : ૨
કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક) R.N.I No.: 6316/57

**Rangoli by Yatra Parikh**



*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










- Shree Vayad Construction Corporation, Mumbai
- Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai
- Shree Vayad Developers, Nasik.
- Shree Vayad Engineering, Nasik
- Shivshakti Construction, Amravati

Trupti Rajendra Shah
Rahul Shah

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Jitendra Shah
Sunita Shah

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi, M.G.Road,
Ghatkopar (East), Mumbai - 400 077 E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

## ફેબ્રુઆરી-૨૦૨૬, પ્રત-૧૦૫૦, વર્ષ-૧૦૪, અંક-૨

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in



### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | ઉપ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | ઉપ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ જશવંતલાલ પરીખ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી નિશીથભાઈ અરવિંદભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |



**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી–૬૦૨, વિશ્ણુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા–જગતપુર રોડ,
અમદાવાદ – ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે,
પાલડી, અમદાવાદ–૩૮૦૦૦૭ Mobile : ૯૪૨૭૯૫૪૯૬૮ (What's app only) (સાંજે ૭.૦૦ પછી)
ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/–વાર્ષિક(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં :** રૂ. ૫૦૦૧/–

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.

ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

# મોરપીંછ



આજ મને મોરપીંછના શુકન થયા,
એમાં પ્રભુ ના દર્શન થયા.
એમાં મૌન ભર્યા રંગો શોભે,
ને સપ્તરંગી સ્વપ્નો આંખો ઝીલે.

રંગોની અજાયબ રંગોળી અંગે અંગમાં ઉછળે,
મુકુટે શોભે ને, પવનથી લહેરાઈ ને ભક્તોના દિલ ડોલાવે.
મોરપીંછમાં હાથ ઝબોળ્યો ને,
પ્રેમના સ્પંદનો જાગ્યા ને નિત-નિત ટહુક્યો.
મખમલીયા પીંછાને ચૂમ્યું ત્યાં જ,
કૃષ્ણનું મધુરું સ્મિત અને કરુણા દીઠું.


ભક્તિ, પ્રેમ અને વ્હાલમ નું પ્રતીક એટલે મોરપીંછ,
કુદરતની સુંદરતા, જીવનના સૂક્ષ્મ સંદેશાઓનું પ્રતીક.
મોરપીંછ શ્યામનું વ્હાલું પણ વાંસળી વગર અધૂરું.
મોરપીંછની રજાઈ ને મુરલીના સૂરના ઓશીકા,
પ્રભુને અર્પણ ને એનો સ્વીકાર, કેવી અદ્‌ભુત કલ્પના !

- ડૉ. રાકેશ પરીખ
અમદાવાદ
મો. ૯૮૨૫૩૪૬૮૨૭

બી. શૈલેશકુમાર એન્ડ કું (વડોદરા) ના સૌજન્યથી

# હું ચાંદને તરસી રહ્યો !


(ગઝલ)



તું ત્વચાના માળખાને શું હવે વળગી રહ્યો ?
સ્વપ્નની પાંખે વિરહની આગમાં સળગી રહ્યો ! ...(૧)
સાથમાં રહેશે સદા લીલાં સ્મરણની તાઝગી ;
આમ શું કૈં રેશમી ટહુકા સતત ઝંખી રહ્યો ?....(૨)
એક ધબકારે ભલા બે જીવ, જો ! ધબકી રહ્યા;
કૈંક ઉના શ્વાસનું વાતાવરણ સર્જી રહ્યો ! .........(૩)
આ નથી, પેલું નથી, કંઈ પણ નથી તારું હવે;
પાનખરમાં તુ વસંતી વાયરે પ્રગટી રહ્યો !.........(૪)
આ ઝળાહળ તેજ, મારા ભાગ્ય–પથ પર જો ઢળે ;
તો ચહું, ચાતક બનું; હું ચાંદને તરસી રહ્યો !...(૫)

– ઉપેન્દ્ર શેઠ (શંકુત)

# થોડા ભળીએ



ચાલ બધું યે છોડીને મળીએ,
એક બીજામાં થોડા ભળીએ.
છોડ બધા આ તાણાવાણા,
જઈને બેસ અંતરના તળિયે.
શ્વાસે શ્વાસ મહેંકી ઉઠશે,
ધૂપની જેમ જાતે બળીએ.
રહેવા દઈ તારવવા કો'ને,
બની શકે તો જાતને કળીએ.
માર્ગ ભૂલી જઈ કોઈ મંદિરનો,
એક ભૂખ્યા ને રસ્તે વળીએ.

- સુનીલ પી. શાહ, મહેસાણા
મો. ૯૯૭૯૯ ૨૮૮૯૯

# જિંદગીએ મને શું શીખવ્યું ?

ક્ષણ ક્ષણનો સરવાળો છે આ જિંદગી
મોજ, મઝા અને મસ્તીનો કરો ગુણાકારનો
મધુર બની જાય છે આ જિંદગી
દુ:ખ, દર્દની કરી બાદબાકી, સમજીને રહો તો,
હળવી લાગશે આ જિંદગી
મુશ્કેલીઓનો ભાગાકાર કરી, સંઘર્ષો કરો તો
સફળતા અપાવશે આ જિંદગી
રાગ, દ્વેષ અને અહમ્‌નો ઉડાડો છેદ તો
હલકી ફૂલ લાગશે આ જિંદગી
મોહ, માયા, મમતાનો કરો ત્યાગ તો,
જીવવી ગમશે આ જિંદગી
પરિસ્થિતિ ગમે તેવી વિકટ હોય, સંયમ રાખો તો
ખુશહાલ બની જશે આ જિંદગી
સંબંધોમાં રાખીએ સ્નેહ તો,
માણવી ગમશે આ જિંદગી
કેવું જીવવું એ છે આપણા હાથમાં તો
મન ભરીને માણી લઈએ આ જિંદગી
જીવનનું સાચું ગણિત શીખવી દીધું છે મને આ જિંદગીએ

– **કિન્નરી કે. પરીખ**

# શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

## વાર્ષિક સામાન્ય સભા – ૨૦૨૫

શિયાળાની આહલાદક ઋતુમાં, રવિવારની ખુશનુમા સવારે, વાયડ માતાજી અને વાયુદેવતાજીના સાંનિધ્યમાં શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટની કારોબારી સમિતિની વાર્ષિક સામાન્ય સભા–૨૦૨૫ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ધીરેનભાઈ કે. પરીખના અધ્યક્ષ પદે શ્રી વાયુદેવતાજી મંદિર (હોલ) અમદાવાદ ખાતે ૪ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સવારે ૧૧–૦૦ વાગે યોજાઈ હતી.

૨૦૨૫ની વાર્ષિક સામાન્ય સભામાં ૪૦ જેટલા સભ્યો અને નિમંત્રિત મહેમાનો અમદાવાદ, પાટણ, મહેસાણા, વડોદરા, ભરૂચ, સુરત, મુંબઈ, ભુજ, નાસિક વગેરે શહેરોમાંથી પધાર્યા હતા. ઊર્જા, ઉત્સાહ અને સંકલ્પનો ત્રિવેણી સંગમ રચાયો હતો. ચા–નાસ્તાને ન્યાય આપીને સભાની કાર્યવાહી શરૂ થઈ હતી.

માતાજીની સ્તુતિ સાથે સભાનો આરંભ થયો હતો. ટ્રસ્ટના સેક્રેટરી શ્રી હિમાંશુભાઇ શાહે સૌને આવકાર આપ્યો હતો અને પ્રાસંગિક ભૂમિકા રચી હતી.

મંચ ઉપર પ્રમુખ શ્રી ધીરેનભાઈ પરીખ, શ્રી શશાંકભાઈ આઈ. શાહ, શ્રી શરદભાઈ પી. શાહ, શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ અને શ્રી કિરણભાઈ એસ. શાહ ઉપસ્થિત હતા.

સભાઅધ્યક્ષ શ્રી ધીરેનભાઈ પરીખની અનુમતિથી આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. શરૂઆતમાં ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી વ્રજેશભાઈ પરીખે આવકાર વક્તવ્ય આપ્યું હતું અને સૌ હાજર સભ્યોને આવકારવામાં આવ્યા હતા.

ગત વર્ષ દરમ્યાન અવસાન પામેલ જ્ઞાતિજનોની સ્મૃતિમાં બે મિનિટનું મૌન પાળી સદ્‌ગતના આત્માને શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

ત્યારબાદ ઉપપ્રમુખ શ્રી મેહુલભાઈ શાહે સભાની મુખ્ય કાર્યવાહી હાથ ધરી હતી.

ઉંમર અને સ્વાસ્થ્યને કારણે નિવૃત્ત થતાં ટ્રસ્ટીઓ શશાંકભાઈ શાહ અને

શરદભાઈ શાહે ટ્રસ્ટને આપેલી લાંબા સમયની સેવાઓને ધ્યાનમાં લઈને તેઓનું સન્માન શાલ ઓઢાડીને અને બુકે આપીને પ્રમુખ શ્રી ધીરેનભાઈ પરીખ અને ઉપપ્રમુખો શ્રી વ્રજેશભાઈ પરીખ અને શ્રી મેહુલભાઈ શાહે કર્યું હતું.

આ પ્રસંગે શ્રી શશાંકભાઈ શાહે ટ્રસ્ટનો આભાર માન્યો હતો અને જરૂર પડે સેવાઓ આપવાની તત્પરતા દાખવી હતી. શ્રી શરદભાઈ શાહે પોતાની લાક્ષણિક શૈલીમાં વિદાયની રજૂઆત કરી હતી.

શશાંકભાઈ શાહ અને શરદભાઈ શાહના રાજીનામાનો ટ્રસ્ટ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો અને તેઓનાં સ્થાને શ્રી શરદભાઈ જશવંતલાલ પરીખ અને શ્રી નિશીથભાઈ અરવિંદભાઈ પરીખની ટ્રસ્ટી તરીકેની નિમણૂંકને સભાએ સર્વાનુમતે બહાલી આપી હતી.

શ્રી શશાંકભાઈ શાહે ECM તરીકે પણ રાજીનામું આપતાં તેમના સ્થાને અમદાવાદના શ્રી દિક્ષીતભાઈ ભાઈલાલભાઈ શાહની નિમણૂંક કરવામાં આવી હતી જેને સભાએ સર્વાનુમતે બહાલી આપી હતી.

આમ ટ્રસ્ટના સંચાલનમાં હોદ્દેદારો તરીકે પ્રમુખશ્રી ધીરેનભાઈ કે. પરીખ, ઉપપ્રમુખ શ્રી વ્રજેશભાઈ એન. પરીખ, ઉપપ્રમુખ શ્રી મેહુલભાઈ એસ. શાહ, મંત્રી શ્રી હિમાંશુભાઈ જી. શાહ અને સહમંત્રી તેમજ ખજાનચી શ્રી શરદભાઈ જે. પરીખ કાર્યરત રહેશે.

ત્યારબાદ ટ્રસ્ટના અને આજની સભાના પ્રમુખ શ્રી ધીરેનભાઈ પરીખે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું. તેમણે વિવિધ શક્તિઓનો ઉપયોગ જ્ઞાતિના કલ્યાણ માટે કરવાની રજૂઆત કરી હતી. આ તબક્કે તેમણે જ્ઞાતિમાં પોતાની કારકિર્દીની રૂપરેખા આપી હતી.

ત્યારબાદ પ્રમુખશ્રી ધીરેનભાઈ પરીખે મંચસ્થ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી અને વાયડ સંસ્થાનના પ્રમુખ શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ તેમ જ સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી અને વાયડ રસોડા ટ્રસ્ટના પ્રમુખશ્રી કિરણભાઈ એસ. શાહનું પુષ્પગુચ્છથી સન્માન કર્યું હતું.

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

આજની સભામાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા.

| ક્રમ | નામ | રહેવાસી |
|---|---|---|
| ૧ | શ્રી ધીરેનભાઈ કાંતિલાલ પરીખ (પ્રમુખશ્રી) | અમદાવાદ |
| ૨ | શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ |
| ૩ | શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ |
| ૪ | શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ |
| ૫ | શ્રી શરદભાઈ પુરુષોત્તમદાસ શાહ | મહેસાણા |
| ૬ | શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા |
| ૭ | શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | નાસિક |
| ૮ | શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ |
| ૯ | શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ |
| ૧૦ | શ્રી નિશીથભાઈ અરવિંદભાઈ પરીખ | અમદાવાદ |
| ૧૧ | શ્રી શ્રેણિકભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ |
| ૧૨ | શ્રી દીપકભાઈ મહેન્દ્રભાઈ શાહ | અમદાવાદ |
| ૧૩ | શ્રી શરદભાઈ જશવંતલાલ પરીખ | અમદાવાદ |
| ૧૪ | શ્રી અનીશભાઈ કેશવલાલ શાહ | મુંબઈ |
| ૧૫ | શ્રી હરીશભાઈ જયંતિલાલ શાહ | વડોદરા |
| ૧૬ | શ્રી કિરણભાઈ નગીનદાસ શાહ | અમદાવાદ |
| ૧૭ | શ્રી અમિતભાઈ ગોરધનદાસ પરીખ | અમદાવાદ |
| ૧૮ | શ્રી હરેશભાઈ મનમોહનદાસ પરીખ | પાટણ |
| ૧૯ | શ્રી દિગંતભાઈ સુરેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ |
| ૨૦ | શ્રી નરેશભાઈ ડાહ્યાલાલ શાહ | સુરત |
| ૨૧ | શ્રી કિંજનભાઈ કિરીટભાઈ શાહ | અમદાવાદ |
| ૨૨ | શ્રી રશ્મિકાંતભાઈ નવનીતલાલ શાહ | અમદાવાદ |
| ૨૩ | શ્રી વિક્રમભાઈ બંસીલાલ શાહ | અમદાવાદ |
| ૨૪ | શ્રી સમીરભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ |
| ૨૫ | શ્રી રૂપેશભાઈ હરીશભાઈ શાહ | અમદાવાદ |
| ૨૬ | શ્રી પરિમલભાઈ હરગોવિંદભાઈ શાહ | માંડવી |
| ૨૭ | શ્રી કેતનભાઈ રમેશચંદ્ર શાહ | અમદાવાદ |
| ૨૮ | શ્રી દિક્ષીતભાઈ ભાઈલાલભાઈ શાહ | અમદાવાદ |

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

ગેરહાજર સભ્યોની નોંધ લેવામાં આવી હતી.

ઉપપ્રમુખશ્રી મેહુલભાઈ શાહે ટ્રસ્ટના નાણાંકીય વ્યવહારોની માહિતી આપી હતી તેમજ વાયડામિત્રના પ્રકાશનની આવક જાવક તેમજ શિક્ષણ અને મેડીકલ વિભાગ અંગેની પણ માહિતી આપી હતી.

ત્યારબાદ મુંબઈથી પધારેલ ECM સભ્ય શ્રી અનિશભાઈ શાહે મલ્ટીમીડિયા પ્રેઝન્ટેશન કર્યું હતું. મુંબઈ કચ્છી વાયડા સમાજ(MKVS)નો ડેટા એકત્ર કરી, તેનું વિવિધ રીતે વર્ગીકરણ કરી, તેનો સમાજકલ્યાણ માટે કેવી રીતે વિનિયોગ થઈ શકે તેની રજૂઆત કરી હતી.

ત્યારબાદ વડોદરાના શ્રી હરીશભાઈ શાહના સાહિત્યક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન માટે ટ્રસ્ટના પ્રમુખ શ્રી ધીરેનભાઈ પરીખે તેઓનું સન્માન કર્યું હતું. શ્રી હરીશભાઈ શાહે તેનો ભાવપૂર્વક પ્રતિસાદ આપ્યો હતો.

ત્યારબાદ ટ્રસ્ટના સેક્રેટરી શ્રી હિમાંશુભાઈ શાહે વાયડ ખાતે આગામી વાયડ સંઘ દરમ્યાન ૨૪ માર્ચ ૨૦૨૬ના રોજ યોજાનાર **'વાયડામિત્ર શતાબ્દી મહોત્સવ'** કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

ECM સભ્યો દ્વારા વિચારોની રજૂઆત કરવામાં આવી હતી અને તેના અમલીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો.

સભાને અંતે શ્રી મેહુલભાઈ શાહે આભારવિધિ કરી હતી.

સ્વાદિષ્ટ ભોજનનો આનંદ લીધા બાદ હાજર રહેલા જ્ઞાતિજનોએ જ્ઞાતિના ઉત્કર્ષ વિષે વિચાર વિમર્શ કર્યો હતો.

શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ તરફથી હોલ તેમ જ સભાનું સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી ધીરેનભાઈ પરીખ તરફથી નાસ્તા તેમજ ભોજનની વ્યવસ્થા ઉપરાંત ગીફ્ટ બોક્સ આપવામાં આવ્યા હતા.

અંતે જ્ઞાતિને એક નવી દિશામાં ઊર્જા સહિત નવી ઉંચાઈએ પહોંચાડવાના સંકલ્પ સાથે જ્ઞાતિજનો વિખરાયા હતા.

**– હિમાંશુ જી. શાહ**
**મંત્રી**
**શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**

# ભગવાન



**(લઘુ કથા)**

"ભગવાન કાંઈ આવા હોય ?" છેલ્લા આઠેક દિવસથી ચોવીસ કલાકમાં પચાસેક વખત નીરવ આ વિચારતો અને નિશ્વાસ મૂકતો. જો કે તેની સાથે કોઈ અઘટિત ઘટના બની હોય એવો આ પહેલો પ્રસંગ ન હતો, પણ આ વખતે "ના....ના..... ભગવાન કાંઈ...!!"

કુટુંબનો ભાર પોતાના ખભે ઉપાડે એ પહેલા જ પાંચ વર્ષ પહેલા બા-બાપુજી અને બે મહિનાના દીકરા પુરવને મૂકીને પત્નીએ સદાયને માટે આંખો મીંચી લીધી ત્યારે નીરવની જાણે દુનિયા જ લૂંટાઈ ગઈ હતી પણ પ્રભુ દરવાજા બંધ કરે ત્યારે બારી અવશ્ય ખોલી દે છે. એ રુહે નાની બહેન ખુશીએ પોતાની ઉંમર કરતાં વધારે પુખ્તતા દાખવીને પુરવની જવાબદારી સુપેરે ઉપાડી લીધી અને નીરવની નીરવતામાં થોડીક આનંદની પળો ઉમેરી દીધી.

પણ, એ જ સમજદાર ખુશીએ બાર મહિના પહેલા મુગ્ધાવસ્થામાં તણાઈને એક દગાબાજનું બીજ પોતાના ગર્ભમાં અંકુરિત કરી લીધું હતું. ત્રણ મહિને જ્યારે નીરવને પોતાની બહેનની વાસ્તવિકતાની જાણ થઈ ત્યારે માંડ માંડ આ મુસીબતથી છુટકારો મેળવ્યો હતો. પણ એ રાહતનો શ્વાસ હેઠો બેસે એ પહેલા પુરવ જતો રહ્યો એ પણ આ રીતે...??

ગુટર...ગુ....ગુટર....ગુ

ખુલ્લી બારીમાંથી એક કબૂતર ઓચિંતાનું આવીને ખુશીના ખોળામાં મલકાતાં પુરવના ફોટા પર બેઠું. એ સાથે ફ્રેમ જમીન પર પછડાઈ અને કાચના ટુકડે ટુકડા થઈ ગયા.

"આ કાચના ટુકડાઓ અત્યારે જાણે મારા જ હૃદયની અભિવ્યક્તિ વ્યક્ત કરી રહ્યા છે. મારા હૃદયના પણ અત્યારે આવા જ ટુકડે ટુકડા શું કામ... શું કામ... ખુશી... શું કામ ??"

ટ્રીન.... ટ્રીન.... ટ્રીન....

"મિ. નીરવ, આપે આપના પુત્રની હત્યાના આરોપીને એક વખત મળવાની પરવાનગી માંગી હતી તે મંજૂર થયેલ છે. આપ ગમે ત્યારે જેલમાં આવીને મિસ ખુશીને..." ઈન્સ્પેક્ટરના બાકીના શબ્દો નીરવના છલકાતાં નેત્ર અને વલોવાતા હૈયામાં ક્યાંક અટવાઈ ગયા.

નીરવે પોતાનું વોલેટ ખોલ્યું અને એમાં શોભાયમાન પોતાની પત્નીની તસવીરવાળી મસ્તીસભર આંખોમાં આંખ પરોવીને લગ્ન પહેલાની છેલ્લી મિટીંગમાં એના જ દ્વારા બોલાયેલા શબ્દો એના કાનમાં જાણે અત્યારે ગુંજાઈ રહ્યા... "તું ભલે મારી જાન હોઈશ, જાહન્વી પણ મારી બેન, મારી ખુશી તો મારા માટે ભગવાન છે...."

નીરવની દૃષ્ટિ ધૂંધળી પડી ગઈ. ગળે ડૂમો બાઝી ગયો. એણે. પત્નીનો ફોટો છાતી સરસો ચાંપી દીધો અને એના મોંમાંથી નિશ્વાસ સરી પડ્યો. "ભગવાન.... મારા ફૂલ જેવા દીકરાને અગાશીમાંથી નીચે ધક્કો દેનાર મારી બેન... મારા માટે ભ...ગ...વા...ન... હતી પણ હે ભગવાન ! ભગવાન કાંઇ આવા હોય ???"

**– આશા આશિષ શાહ**


**ભુજ – કચ્છ**

**મો. ૯૧૭૩૨ ૧૫૭૭૭**

*શબ્દોનું ઝરણું*

- *તમને દુઃખ કોણ દે છે? તમારાં ક્રોધ, માન, માયા, લોભ. એમાં કુદરતનો શો દોષ?*
- *આપણને કિંચિત્માત્ર દુઃખ થાય છે, તે આપણે દીધેલા આઘાતનાં પ્રત્યાઘાત છે.*
- *'અહિંસા' જેવું કોઈ 'બળ' નથી અને 'હિંસા' જેવી કોઈ 'નિર્બળતા' નથી.*
- *કોઈ પણ ઈચ્છા ના થાય અને કોઈનું ય અવલંબન ના લેવું પડે, તે સુખની વ્યાખ્યા છે.*
- *પ્રવૃત્તિમાં નિવૃત્તિ, તેનું નામ જ મોક્ષમાર્ગ*

# પુષ્ટિમાર્ગ અને શ્રી ગિરીરાજ ગોવર્ધન



પુષ્ટિમાર્ગના દિવ્ય તત્ત્વોમાં ત્રીજું તત્ત્વ - વાયુ તત્ત્વ એ ગિરીરાજ ગોવર્ધન છે. શ્રી ગિરીરાજજી માટે ગર્ગસંહિતામાં કહેવાયું છે કે - ગિરીરાજજી ૩૨ કોસ લાંબા, ૮ કોસ ઊંચા અને ૪ કોસ પહોળા હતા. (૧ કોસ = ૩ કિ.મી.) પરંતુ હાલ કલિયુગમાં લંબાઈ આશરે ૭ કોસ અને ઊંચાઈ આશરે ૮૦ ફૂટ છે. એક સમયે ગિરીરાજજીની ઊંચાઈ એટલી બધી હતી કે તેમની છાયા પંદર માઈલ સુધી મથુરા નગરી પર પડતી હતી. શ્રીનાથજી મેવાડમાં પધાર્યા તે સમયે દંડવતી શિલાની ઊંચાઈ એક માણસ ઊભો રહે તેટલી હતી. હાલ શિલા બે હાથ જેટલી જમીનમાં ઉતરી ગઈ છે. વૃંદાવન આગળના પ્રાચીન સ્થાનો લુપ્ત થઈ રહ્યા છે, નિકુંજો-કુંજગલી અદૃશ્ય થઈ રહ્યા છે અને આધુનિકરણ થઈ રહ્યું છે. હાલ શ્રી ગિરીરાજજી અને સાથે સાથે યમુનાજી પણ પોતાના સ્વરૂપને તિરોહિત કરતા જાય છે. આ બાબતમાં ભક્ત કવિ સૂરદાસજી કહે છે-

અબ તો સાંચો કલિયુગ આયો,
છિપત ગોવર્ધન, ઘટત વૃંદાવન જમુના નર છિપાયો,
સુરદાસ પ્રભુ યા કલિયુગમેં કાહે મોહિં જિવાયો.

આ ગિરીરાજજીમાં ઠાકોરજીના સ્વરૂપ અને અન્ય ચિહ્નો બિરાજે છે. ગિરીરાજજીને વ્રજમાં કોણ લાવ્યું ? ભારત વર્ષ (અખંડ હિન્દુસ્તાન)ની પશ્ચિમ દિશામાં શાલ્મલી દ્વીપ (હાલ દક્ષિણ આફ્રિકામાં છે)ના મધ્યભાગમાં દ્રોણાચલની પત્નીના ગર્ભથી ગોવર્ધનનો જન્મ થયો. એક સમયે મુનિ શ્રેષ્ઠ પુલત્સ્ય તીર્થ યાત્રા માટે ભૂતલ પર ભ્રમણ કરતા હતા. મહામુનિએ દ્રોણાચલના પુત્ર શ્યામવર્ણના શ્રેષ્ઠ પર્વત ગોવર્ધનને જોયો. તેની પર કંદરાઓને કારણે શોભાયમાન હતા, વૃક્ષ-ફળોથી ભરપૂર હતા, અનુપમ સૌંદર્યથી આચ્છાદિત પક્ષી, વાનર, મૃગ, મોર વગેરેથી સુશોભિત હતા. અહીં તપસ્યા કરવા માટે શ્રેષ્ઠ સાધન હતું. પુલત્સ્યના

મનમાં પર્વતને પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ. તેઓ દ્રોણાચલ પાસે ગયા. દ્રોણાચલે આગતા સ્વાગતા કરી. પછી પુલત્સ્ય મુનિએ કહ્યું – હું કાશીનો નિવાસી છું. મારે તમારો પુત્ર જોઈએ છે. કાશીમાં એક પણ પર્વત નથી. તેની છાયામાં બેસીને હું ધ્યાન કરીશ. હું તેને મહાનગરી કાશીમાં પ્રસ્થાપિત કરીશ. આ એ નગરી છે જ્યાં પાપી પુરુષોનો પણ મોક્ષ થઈ જાય છે, જ્યાં ગંગા નદી વહે છે અને સાક્ષાત્ વિશ્વનાથ (શિવજી) બિરાજમાન છે. દ્રોણાચલની પુત્રને આપવાની ઇચ્છા ન હતી. તેમને પુત્ર બહુ પ્રિય હતો. પરંતુ મુનિના ક્રોધને કારણે દ્રોણાચલ પુત્ર ગોવર્ધનને આપવા તૈયાર થયા. ગોવર્ધને પુલત્સ્ય મુનિને કહ્યું–મારી એક પ્રતિજ્ઞા છે. આપ જ્યાં મને ભૂમિ પર રાખશો ત્યાંથી હટીશ નહીં. પુલત્સ્ય મુનિએ તેનો સ્વીકાર કરીને જમણા હાથ પર ગોવર્ધનને રાખીને ચાલવા માંડ્યા. વ્રજમંડળમાંથી પસાર થયા કે ગોવર્ધનને પૂર્વ જન્મનું સ્મરણ થયું. વ્રજમાં ભગવાન શ્રીકૃષ્ણ જન્મ લેશે અને બાળલીલા–કિશોરલીલા કરશે. શ્રી રાધાજી સાથે તેમનું શુભ આગમન થશે. તેમના દર્શન કરીને હું ધન્ય બની જીઈશ. આમ વિચારીને ગોવર્ધને પોતાનો ભાર વધારી દીધો. અસહ્ય ભારને કારણે મુનિ થાકી ગયા અને ગોવર્ધનને થોડા સમય માટે ભૂમિ પર મૂક્યો. હળવા થયા બાદ મુનિએ ગોવર્ધનને ચાલવાનું કહ્યું પરંતુ ગોવર્ધને પ્રતિજ્ઞા યાદ દેવડાવી અને હટવાની ના પાડી. મુનિએ ઘણા પ્રયત્નો કર્યા પણ ગોવર્ધનને તસુભાર હઠાવી ન શક્યા. એટલે મુનિએ ક્રોધિત થઈને શાપ આપ્યો–પ્રતિદિન તલભાર તું ક્ષીણ થઈ જઈશ. આમ કહીને પુલત્સ્ય મુનિ કાશી તરફ જતા રહ્યા. ત્યારથી ગોવર્ધન પ્રતિદિન તલભાર ક્ષીણ થતાં જાય છે. એમ કહે છે કે જ્યાં સુધી પૃથ્વી પર ગોવર્ધન પર્વત છે ત્યાં સુધી કલિનો પ્રભાવ વધશે નહીં.

અન્ય એક કથા એમ છે કે ગોવર્ધન ગોલોકમાંથી ઉતરી પુલત્સ્ય મુનિ થકી વ્રજમંડળમાં આવ્યા. ગોવર્ધન ગોલોકની જેમ ભૂતલ પર પણ ઉત્સાહપૂર્વક વધવા લાગ્યા. પુલત્સ્ય મુનિએ વિચાર્યું કે જો ગોવર્ધન વધવા લાગશે તો સમગ્ર પૃથ્વી પર ઢાંકણની જેમ છવાઈ જશે. આમ વિચારીને તેમણે ગોવર્ધનને પ્રતિદિન ક્ષીણ થવાનો શાપ આપ્યો.

પ.પૂ.ગો. ૧૦૮ શ્રી યદુનાથજી (કડી–અમદાવાદ) કહે છે–ગોવર્ધન શાપને

કારણે તલભાર ઘટી રહ્યા છે એમ નહીં, પણ શિલાનું સ્વરૂપ બદલીને વ્રજનું સ્વરૂપ ધારણ કર્યું છે. ગિરીરાજ ગોવર્ધનનું પ્રાગટ્ય પ્રભુના હૃદયમાંથી થયું છે.

ગિરીરાજજીના પ્રાકટ્યની કથા ગર્ગસંહિતામાં આપવામાં આવી છે. તેમનું પ્રાકટ્ય શ્રી સ્વામિનીજીના મનોરથ રૂપે થયું છે. ગોલોકધામમાં તેઓ 'શતશૃંગ' નામથી ઓળખાતા હતાં.

શ્રી ગિરીરાજજીના ભૌતિક દેહમાં વસેલા તીર્થસ્થળોનું સ્થાન આ પ્રમાણે છે. માનસીગંગા એ ગિરીરાજજીની આંખ છે. ચંદ્રસરોવર–નાક, કૃષ્ણકુંડ–દાઢી, ગોવિંદકુંડ – હોઠ, રાધાકુંડ – જીભ, સુંદર શિલા (પૂજની શિલા) મુખારવિંદ, ચિત્ર શિલા – મસ્તક, કદંબખંડી–હૃદય, ઐરાવટ કુંડ – ચરણ અને પૂછરી – પુચ્છસ્વરૂપે છે. ગિરીરાજનો આકાર બેસેલી ગાય જેવો છે.

ગિરીરાજજીમાં આઠ ગુપ્ત દ્વાર છે અને તમામ દ્વાર અષ્ટ સખાઓ સાથે સંબંધ ધરાવે છે. (૧) બિલછુકુંડ – કૃષ્ણદાસજી (૨) માનસીગંગા – નંદદાસજી (૩) ચંદ્રસરોવર – સુરદાસજી (૪) આન્યોર – કુંભનદાસજી (૫) અપ્સરા કુંડ છીત સ્વામી (૬) સુરભિ કુંડ – પરમાનંદ દાસજી (૭) ગોવિંદસ્વામીની કદમ ખંડી – ગોવિંદસ્વામી અને (૮) રુદ્ર કુંડ – ચતુર્ભુજદાસજી સાથે સંબંધિત ચે.

ગિરીરાજજીના આઠ દ્વારમાંથી આઠ સ્વરૂપ પ્રગટ્યા છે. સુરભિકુંડથી શ્રી નવનીતપ્રિયજી, માનસીગંગાથી ગોકુલચંદ્રમાજી, ગોવિંદસ્વામીની કદમખંડીથી દ્વારકાધીશજી, આન્યોરમાંથી ગોવર્ધનનાથજી, ચંદ્રસરોવરથી મથુરાધીશજી, અપ્સરાકુંડથી વિઠ્ઠલનાથજી, બિલછુકુંડથી મદનમોહનજી અને રુદ્રકુંડથી બાલકૃષ્ણલાલજી પ્રગટ થયા છે.

વ્રજ પરિક્રમાના ૩૦–૩૨ દિવસોમાંથી આઠેક દિવસ પરિક્રમાનો મુકામ ગિરીરાજજીની તળેટીમાં હોય છે. ગિરીરાજજીની સાત કોસી તેમજ નવ કોસી પરિક્રમા કરવામાં આવે છે. જો આ બંને પ્રકારમાંથી એકની પરિક્રમા ન થઈ શકે એમ હોય તો જ પાંચ કોસી પરિક્રમા કરવી જોઈએ. પરિક્રમા દરમ્યાન ગિરીરાજજીની એક પણ શિલા કોઈ પણ યાત્રિકે લેવી નહીં. સૂચનાનું પાલન ન કરનાર ભારે મુશ્કેલીમાં મૂકાય છે તે ખાસ યાદ રાખવું. વ્રજમાંથી માત્ર વ્રજરજ અને યમુનાજળ લાવી શકાય છે.

નવકોસી પરિક્રમા–દંડોતી શિલાથી ગોવર્ધન – માનસીગંગા, રાધાકૃષ્ણકુંડથી પરત ગોવર્ધન ત્યાંથી ચંદ્રસરોવર – આન્યોર, ગોવિંદકુંડ, પૂછરી, સુરભિકુંડ થઈ દંડોતી શિલા.

સાત કોસી પરિક્રમામાં ચંદ્રસરોવરનો વિસ્તાર છોડી દેવામાં આવે છે. પાંચ કોસી પરિક્રમામાં રાધાકૃષ્ણ કુંડ અને ચંદ્ર સરોવરનો વિસ્તાર–બંને છોડી દેવામાં આવે છે.

ગિરીરાજજીમાં માનસીગંગા, રાધાકુંડ અને શ્યામકુંડ – આ ત્રણની પરિક્રમા ખાસ કરવી જોઈએ. તે કેન્દ્રસ્થાને છે. ગોવર્ધનની ઉત્તર દિશામાં રાધાકુંડ અને દક્ષિણ દિશામાં પૂછરી છે. ગિરીરાજજીની પરિક્રમા કરવાથી ઇચ્છિત ફળ પ્રાપ્ત થાય છે. ચિંતા નિર્મૂળ થાય છે. મન જ્યારે ઉદ્વેગ પામે ત્યારે ગિરીરાજજીના સાંનિધ્યમાં જવું જોઈએ.

ગિરીરાજજી અને યમુનાજી હંમેશા પ્રાપ્ય છે. ગિરીરાજજીની પરિક્રમા રાત્રે પણ થઈ શકે છે અને યમુનાજીનું પાન રાત્રે પણ થઈ શકે છે. ગાયના ચાર આંચળ ગિરીરાજજીની ચાર ભાવના – નામ, રૂપ, લીલા અને ધામ છે.

ગિરીરાજધરણની કથા લોકપ્રિય છે. વર્ષોવર્ષ થતાં ઈન્દ્રના યજ્ઞના સ્થાને ગિરીરાજજીની પૂજા અને યજ્ઞ કરવાનો પ્રસ્તાવ શ્રી કૃષ્ણે રજૂ કર્યો. નંદબાવા એ પ્રસ્તાવ સ્વીકારીને પૂજા શરૂ કરી, અભિષેક કરી ભોગ ધરાવ્યો. કૃષ્ણ ગોવર્ધનનું સ્વરૂપ લઈને પ્રગટ થયા અને ગોપબાળોએ ધરાવેલ સમગ્ર ભોગ આરોગ્યો. આ જાણી ઈન્દ્ર ગુસ્સે થયા. તેમણે અભૂતપૂર્વ વર્ષા કરાવી. વ્રજને ડૂબતું બચાવવા શ્રીકૃષ્ણે વામ હસ્તમાં ટચલી (નાની) આંગળીએ ગોવર્ધન પર્વત ઊંચકીને વ્રજવાસીઓનું રક્ષણ કર્યું. ઈન્દ્રનું અભિમાન ઉતર્યું. કૃષ્ણ કોઈ ગોપબાળક નથી, પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્મા છે. એવું જ્ઞાન થતા સુરભિ ગાયને લઈને ગિરીરાજજી પાસે આવીને ક્ષમા માંગી. સુરભિ ગાયના દૂધથી અભિષેક કર્યો અને શ્રીકૃષ્ણને 'ગોવિંદ' નામ આપ્યું.

કૃષ્ણ ગિરીરાજધરણ અને ગોવર્ધનધારી કહેવાયા. ગિરીરાજજીમાંથી આ જ સ્વરૂપ પ્રગટ થયું. ત્રણ તબક્કે શ્રીનાથજીનું પ્રાગટ્ય થયું. (૧) સૌ પ્રથમ ગોવર્ધન પર્વતને ઉંચકવા માટે શ્રીહસ્ત (વામભૂજા) પ્રગટી (૨) ત્યારબાદ શ્રી

વલ્લભનું પ્રાગટ્ય થયું તે જ દિવસે ગોવર્ધન ગિરીકંદરામાંથી મુખદર્શન થયું. (૩) શ્રીજીએ મહાપ્રભુજીને વિનંતી કરી ત્યારે મહાપ્રભુજી ઝારખંડમાંથી આન્યોર આવ્યા. ગિરીરાજજી સાથે પ્રથમ મિલન થયું.

સંવત ૧૫૫૬માં શ્રીવલ્લભે નાનુ મંદિર બનાવી શ્રીજીને તેમાં પધરાવ્યા. ત્યારબાદ પૂરણમલ ક્ષત્રિયે નવું મંદિર બંધાવ્યું. પણ તે પહેલાં પૂરણમલે ગિરીરાજજીની આજ્ઞા લીધી. કારણ કે મંદિર બનાવતાં ગિરીરાજજીને શ્રમ પડે, શ્રી અંગને કોદાળીના ઘા વાગે. પણ ગિરીરાજજીએ કહ્યું–પ્રભુએ મને પોતાના શ્રીહસ્તમાં ઉપાડી રાખ્યો હતો. હવે પ્રભુ મારા મંદિરમાં બિરાજવા માંગે છે તો તે મારા શ્રીઅંગ પર જ થવું જોઈએ. આમ રૂપશિખર પર સિદ્ધ થયેલા મંદિરમાં પ્રભુ સંવત ૧૫૭૬ થી ૧૭૨૬ સુધી બિરાજ્યા. ત્યારબાદ શ્રીનાથદ્વારા પધાર્યા. ગિરીરાજજીને શ્રીનાથજીનું સ્વરૂપાત્મક અને લીલાત્મક સ્થાન માનીને વૈષ્ણવો તેના પર પગ મૂકતા નથી. પણ શ્રીનાથજીનું મૂળ મંદિર ઉપર હોવાથી તેમજ ચરણ ચોકી હોવાથી જો કોઈ વૈષ્ણવને દર્શન કરવાની ઇચ્છા હોય તેમણે કોઈ ગોસ્વામી બાળકની આજ્ઞા લઈ અથવા દંડોતી શિલા પાસે દંડવત કરી આજ્ઞા માગીને ઉપર જઈ શકાય છે. દંડોતી શિલા ગિરીરાજજીના ચરણકમલ સ્વરૂપ છે.

જતિપુરા ગામમાં શ્રી વલ્લભની બેઠક સામે ગોવર્ધનનો દિવ્ય શિલાખંડ છે જે ગિરીરાજજીનું મુખારવિંદ કહેવાય છે. તેની નીચે ચરણારવિંદની ભાવનાથી બે નાની શિલાઓ છે. અહીં દૂધનો અભિષેક તેમજ જલેબીનો ભોગ ધરાવાય છે. સાંજના સમયે શ્રૃંગાર ધરાવી આરતી કરવામાં આવે છે. તેનું બીજું નામ શ્રી પૂજનીશિલા છે કારણ કે અહીં ગોવર્ધનની પૂજા કરવામાં આવી હતી. શ્રી ગુંસાઈજીના પ્રથમ પુત્ર શ્રી ગિરધરજીને સૌ 'જતિજી' કહેતા. તેમના નામ પરથી જતિપુરા નામ પડયું. એક અન્ય મત પ્રમાણે મહાપ્રભુજીના વિદ્યાગુરુ માધવેન્દ્ર સરસ્વતી અહીં રહેતા. તેમને બધા 'જતિબાવા' કહેતા. તેમના નામ પરથી જતિપુરા નામ પડયું છે.

એક વૈષ્ણવે શ્રી વલ્લભને સાક્ષાત ગિરીરાજજીનું દર્શન કરાવવા વિનંતી કરી. શ્રી વલ્લભે કહ્યું–જો કોઈ માણસ એક જ દિવસમાં ત્રણ વખત

ગિરીરાજજીની પરિક્રમા કરે અને વચમાં કોઈ પણ સ્થળે બેસે નહિં તો ગિરીરાજજી નિજ સ્વરૂપનું સાક્ષાત દર્શન આપે. વૈષ્ણવે ત્રણ વખત પરિક્રમા કરી. આ દરમ્યાન તેને સફેદ સર્પ, ગોવાળ, સિંહ અને ગાય સામે મળ્યા પણ આ સ્વરૂપો ગિરીરાજજીના છે એમ સમજી ન શક્યો. શ્રી વલ્લભે કહ્યું-વેદમાં ગિરીરાજજીનું સ્વરૂપ પાંચ પ્રકારે બતાવ્યું છે-શ્વેત ભુજંગરૂપે, ગોપાળ રૂપે, સિંહ રૂપે, ગાય રૂપે અને સ્થૂળપર્વત રૂપે. આ ચાર સ્વરૂપમાં અથવા કોઈ પણ એક સ્વરૂપે દર્શન આપે છે. પાંચમું પર્વતનું સ્વરૂપ તો સૌ કોઈ જોઈ શકે છે. જો કોઈ વ્યક્તિ જતિપુરામાં ચાર દિવસ રહે છે તો તેને જતિપુરામાં ગિરિરાજજીના કોઈ પણ સ્વરૂપમાં દર્શન અવશ્ય થાય છે.

આ જ રીતે શ્રીવલ્લભે કૃષ્ણદાસ મેઘનને ગોવિંદકુંડની ગુફામાં પ્રવેશ કરાવીને ગિરીરાજજીના વ્યાપી વૈકુંઠના દર્શન કરાવ્યા હતા.

હાલ વ્રજમાં ત્રણ વસ્તુ બચી છે. યમુનાજી, ગોવર્ધન પર્વત અને વ્રજની રજ. હિન્દુસ્તાનના ચાર ખૂણામાં જગન્નાથ, રામેશ્વર, દ્વારકાધિશ અને બદ્રીનાથથી શ્રીજી પ્રસિદ્ધ છે. ભારતના મધ્ય ભાગમાં તેઓ ગોવર્ધનનાથથી વિદ્યમાન છે.

ગિરીરાજજી એવી પુણ્યભૂમિ છે કે નિત્ય લીલાસ્થ ગોસ્વામી બાળકોના અસ્થિને ગિરીરાજજીની ગોદમાં પધરાવવામાં આવે છે. તેના પર ચોતરો બાંધવામાં આવે છે અને ગોસ્વામી બાળકનું નામ લખવામાં આવે છે. દંડોતી શિલા પાસે મહાપ્રભુજીનો તુલસીક્યારો છે તે શ્રી વલ્લભની નિજલીલાનું દ્વાર છે. જો કે મહાપ્રભુજીએ કાશીમાં ગંગા નદીમાં અગ્નિવર્તુળ રચી લીલા કરી હતી. તે જ રીતે મુખારવિંદ પાસે શ્રી ગુંસાઈજીની લીલાનું દ્વાર છે.

પુષ્ટિસંપ્રદાયમાં ગોવર્ધન ગિરીરાજજીનું સ્થાન અને મહત્વ ઘણું છે. પુષ્ટિમાર્ગના પાંચ દિવ્ય તત્ત્વોમાંનું એક તત્ત્વ એ ગિરીરાજજી છે. (ક્રમશ:)

**- હિમાંશુ શાહ, અમદાવાદ**

**પૂર્વ તંત્રી, વાચડામિત્ર**

**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

# ભાગ્યશાળી



પરમકૃપાળુ પરબ્રહ્મ પરમાત્મા શ્રી હરિ શ્રીનાથજીબાવાની અસીમ કૃપાથી આપણે સૌ ભારત ભૂમિમાં મનુષ્ય જન્મ લઈને આવ્યા છીએ તો આપણે ભાગ્યશાળી ખરા કે નહીં ?

પૂર્વ જન્મોનાં કર્મો તથા શ્રી હરિની કૃપાથી આપણે હિન્દુ છીએ. વણિક કુટુંબની સાથે વૈષ્ણવ ઘરમાં જન્મ્યા છીએ. ઉપરાંત વાયુદેવતા તથા વાયડમાતાની કૃપા આપણા પર વરસી રહી છે તે પણ આપણા સર્વે માટે ગર્વની વાત છે.

ભાગ્યશાળી તો ઘણાં છે (૧) બાળક ધ્રુવ (૨) પ્રહ્લાદ (૩) કર્ણ (૪) ભીષ્મપિતામહ (૫) શબરી (૬) ભગવાન શ્રીરામ તથા ભગવાન શ્રીકૃષ્ણનાં હસ્તે હણાયેલા અસુરો (૭) વસુદેવજી તથા દેવકીજી (૮) નંદજી તથા યશોદાજી (૯) શ્રીજીબાવા મહાપ્રભુજી તથા ગુંસાઈજીનાં તમામ ભક્તો (વૈષ્ણવો) (૧૦) દ્રૌપદી સહિત પાંડવો. (૧૧) બલરામજી શેષાવતાર (૧૨) ગોપીજન.

ભગવાન શ્રીકૃષ્ણનાં હાથે કર્ણનો અગ્નિસંસ્કાર થયો હતો. ભગવાનનાં દર્શન કરતા કરતા ભીષ્મપિતામહે ઉત્તરાયણમાં પ્રાણ છોડ્યા માટે બન્ને ખૂબ ભાગ્યશાળી છે. ભક્તિની દૃઢતા જોઈ બાળક ધ્રુવને ભગવાનનો સાક્ષાત્કાર થયો અને પ્રહ્લાદની રક્ષા થઈ નાની ઉંમરમાં બન્નેને પ્રભુ પ્રસન્ન થઈને દર્શન આપે છે. ખરેખર તેઓ ભાગ્યશાળી છે.

પુષ્ટિમાર્ગમાં શ્રીઠાકોરજીની સેવા કરનાર તમામ વૈષ્ણવો ખરેખર ભાગ્યશાળી છે. નામસેવાનું પણ પ્રાધાન્ય પુષ્ટિમાર્ગમાં છે. કળિયુગમાં શ્રી હરિનું સ્મરણ કીર્તન ભવપાર ઉતારી શકે છે. ભગવાન કૃષ્ણએ યમુનાજીમાં કાળી નાગને નાથ્યો. શ્રી પ્રભુનાં ચરણારવિંદનાં ચિહ્નો નાગનાં ફેણ પર અંકિત થયા તો નાગ પણ

ભાગ્યશાળી બન્યો.

શ્રીમહાપ્રભુજી તથા શ્રીગુંસાઈજીનાં ૮૪/૨૫૨ વૈષ્ણવોનાં ભાગ્યની શું વાત કરવી ? બીજાનું કલ્યાણ કરવાની તથા મૃતને જીવિત કરવાની શક્તિ રાખનાર આવા વૈષ્ણવોનાં દર્શન કરવાથી આપણું કલ્યાણ થઈ જાય તો તેઓ કેટલા ભાગ્યશાળી હશે ?

પૂર્વ જન્મનાં સંસ્કારો આમાં અગત્યનો ભાગ ભજવે છે. પુષ્ટિમાર્ગની આગાહી કરનાર ભક્ત કવિ નરસિંહ મહેતાને ભગવાન હાજરાહજૂર હતાં. મેવાડનાં મીરાંબાઈ વિરક્ત રહી કૃષ્ણભક્તિમાં રત રહી ભગવાનમાં સમાઈ ગયા. આવા ઉત્તમ ભાગ્યશાળીની કેટલીય પેઢી તરી જતી હશે ?

ભારતની ભૂમિ ઋષિ મુનિઓ, સંતો, મહાત્માઓ ગુરુજનોની જન્મભૂમિ છે. યુધિષ્ઠિર રાજાએ નારદજીને પ્રશ્ન કર્યો– પ્રહલાદજી કેટલા ભાગ્યશાળી છે કે સ્વયં ભગવાને તેમની અનેક વખત રક્ષા કરી અને દર્શન આપ્યાં. ત્યારે નારદજીએ જવાબ આપ્યો– તમે કેટલા ભાગ્યશાળી છો કે સ્વયં ભગવાન તમારી સાથેને સાથે રહે છે. એનો અર્થ એ થયો તેઓ ભગવાનને મામાનો પુત્ર જ માનતા હતાં. તેઓ મામા–ફોઈનાં પુત્રો હતાં. ભીષ્મપિતામહને ખબર જ હતી કે વિજય પાંડવોનો જ થવાનો છે. ભગવાન હાથમાં શસ્ત્ર લે કે ન લે તેઓ બધું જ કરવા સમર્થ છે.

જે વ્યક્તિનો જીવાત્મા ભગવદ્સ્મરણ કરતાં હસતાં હસતાં આ દેહ છોડે તે મહાભાગ્યશાળી કહેવાય !

**- નવીનચંદ્ર દશરથલાલ ગાંધી**

**ભરૂચ, (હાલ વડોદરા)**

**મો. નં. : ૯૫૮૬૮૧૭૪૬૦**

# વડોદરા શ્રી વાયુદેવતાજી મંદિર - વાસ્તુ પરિચય



વડોદરામાં શ્રી વાયુદેવતાજી પ્રાસાદ શહેરની વાયવ્ય દિશાકોણમાં છે. શ્રી કુળદેવતાજીના ચૈત્યનો પ્રમુખ પ્રવેશ દ્વાર પૂર્વાભિમુખ છે. દ્વાર પૂર્વ દિશાના મધ્યમાં છે. તેની ઊર્ધ્વ તરફ દિવાલમાં બાહ્ય ઉપર તરફ *श्री वायुदेवता प्रसन्नोऽस्तु: ॥* સંસ્કૃત મંત્રની રચના ધ્યાનાકર્ષક સ્થિતિમાં દિવ્યતાસભર છે. કારણ કે આ મંત્ર નમોડસ્તુઃ ના પોષક તત્વ સમાન છે.

મુખ્ય પ્રવેશ દ્વાર આભ્યાંતર દિશામાં ખૂલતો દરવાજો છે. તે પૂર્વ દિશાની મધ્યમાં છે, જે સૂર્યપદમાં આવે છે. તેની આજુબાજુ ઈન્દ્ર અને સત્ય પદ હોય છે. આ રીતે ત્રણ વસ્તુ પદને સ્પર્શતો મુખ્ય પ્રવેશ દ્વાર છે. તેની ઉપર 'શ્રી વાયુદેવતા પ્રસન્નઃ અસ્તુઃ' મંત્રની રચના છે જે મૂલમંત્ર છે. સૂર્યપદ અને શ્રી વાયુદેવતાજી પરમ સખા છે. તેને અલગતાથી વિચારી શકાય તેમ નથી. સત્યપદનો ભાવાર્થ ધર્મારાધના છે, ધર્મ કરવાનો છે.

પૂર્વ દિશાનો દિક્પાલ અધિપતિ ઈન્દ્ર છે. ઈન્દ્ર દેવોનો રાજા છે. ૪૯ મરુતગણના નેતા અધિપતિ ઈન્દ્ર છે. આથી મરુતગણ અંતર્ગત કુલ ૫૦ સંખ્યાનો ગણ બને છે. આ રીતે ઈન્દ્ર- સૂર્ય- સત્ય વાસ્તુપદને સ્પર્શતો મંત્ર અને પ્રમુખદ્વાર છે.

'શ્રી વાયુદેવતા પ્રસન્નઃ અસ્તુઃ' - આ મંત્ર રચના નમઃ અસ્તુઃ નમોડસ્તુઃ મંત્રનાં પોષક છે. શ્રીકુળદેવતાજીને રૂબરૂ નિત્ય નમસ્કાર કરવાથી તે સદા પ્રસન્ન રહે છે અને નિરામય આશીર્વાદ આપતાં રહે છે. વાસ્તવમાં અસ્તુઃ -આ શબ્દ એમ બતાવે છે કે હજુ મને ઉત્કૃષ્ટ ભાવ નમસ્કાર મળ્યો નથી. હું એ ભાવ નમસ્કારની ઇચ્છા જરૂર ધરાવું છું, જેથી ગોત્ર દેવતાજી સદા પ્રસન્નતાના પોષક બને છે.

મંદિરની દિવાલોના અધિપતિ - દિક્પાલ છે યમરાજ છે, વાસ્તુ ગ્રન્થોમાં તે દક્ષિણ દિશામાં મધ્યનું પદ છે. તેની આજુબાજુ ગૃહક્ષત તથા ગાંધર્વની સ્થાપના છે. યમરાજની તિથિ નર્કચતુર્દશી-કાલીચૌદસ એ યમ ચતુર્દશી છે જ્યારે

યમદ્વિતીયા–ભાઈબીજ એ યમની બહેન યમી બાબતે છે.

સંગીતનાં અધિપતિ દેવ ગાંધર્વ છે અને ગાંધર્વના અધિપતિશ્રી વાયુદેવતાજી છે. શબ્દ વાણીની સહજતા વાયુ વગર શક્ય નથી. આ ઉપર શબ્દવાણીની દેવી સરસ્વતીજી છે. વાસ્તવમાં કુળદેવતા શ્રી વાયુદેવતાજી વાયડાગોત્રનાં રક્ષક–પોષક–સાધકાદિ હોવાનો ગર્વ છે. વાયડાજ્ઞાતિનાં કુળદેવતાજીને શત શત પ્રણામ ॥ ૐ શ્રી પવનપુરુષાય નમઃ ॥

**- ડૉ. હેમંતકુમાર વૈદ્ય,**
**વડોદરા**

## અભિનંદન

### શ્રી પીયૂષભાઈ પરીખ (ભરુચ)



તૃતીય પીઠાધિશ્વર કાંકરોલી નરેશ પૂ. ગોસ્વામી ૧૦૮ ડૉ. શ્રી વાગીશકુમારજી મહારાજશ્રીની ષષ્ટી પૂર્તિ કાર્યક્રમ દરમ્યાન તા. ૨૫–૦૧–૨૦૨૬ ના રોજ આપણી જ્ઞાતિના ડૉ. પીયૂષભાઈ પરીખ દ્વારા લેખન – સંકલન થયેલ **વલ્લભ સાખી : ૧ થી ૨૫** સાખી પુસ્તિકાનું વિમોચન કાંકરોલી નરેશ પ.પૂ. ગોસ્વામી ૧૦૮ શ્રી વેદાંતકુમારજી અને સિદ્ધાંતકુમારજી મહોદયશ્રી, પ.પૂ. ગો. ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રી (કડી – અમદાવાદ) અને પ.પૂ. ગો. ૧૦૮ શ્રી રણછોડલાલજી મહારાજશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેમ જ અમદાવાદના બીઝનેસ અગ્રણીઓની હાજરીમાં સરદાર સેવા સમાજ ટ્રસ્ટ અમદાવાદ ખાતે થયું હતું અને મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉપસ્થિત રહ્યા હતા.

**– તંત્રી**

# શ્રદ્ધા - જીવનનો અણમોલ દીપક



શ્રદ્ધા.... આ માત્ર એક શબ્દ નથી, પરંતુ તે માનવજીવનનો આધાર સ્તંભ છે. શ્રદ્ધા એટલે વિશ્વાસ, આસ્થા અને પોતાના આંતરિક બળ પ્રત્યેની અડગ ખાતરી, જીવનની કઠિન કેડીઓ પર પ્રકાશ પાથરતો આ દીપક છે, જે આપણને નિરાશાના અંધકારમાં એક નવી આશા આપે છે. તે ધાર્મિક માન્યતા નથી, તે આપણા દરેક કાર્ય, સંબંધ અને જીવન જીવવાની રીત સાથે વણાયેલી છે.

ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે :

*''सत्वानुरुपा सर्वस्य, श्रद्धा भवति भारत ।*
*श्रद्धा न योऽयं पुरुषो, यो यच्छ्रद्धः स अेवस्तः ॥''*

(શ્રીમદ્ ભાગવત ગીતા અધ્યાય ૧૭ શ્લોક ૩)

અર્થ : હે ભરતવંશી અર્જુન ! સૌ મનુષ્યોની શ્રદ્ધા તેના અંતઃકરણને અનુરૂપ હોય છે. આ જીવાત્મા શ્રદ્ધામય છે. માટે જે મનુષ્ય જેવી શ્રદ્ધા રાખનારો છે, તે પોતે પણ તેવા જ સ્વભાવનો હોય છે.

આ શ્લોક સ્પષ્ટ કરે છે કે વ્યક્તિ જેવી શ્રદ્ધા રાખે છે, તેવું જ તેનું વ્યક્તિત્વ બને છે અને તેવી જ તેની ઉપલબ્ધિઓ હોય છે. શ્રદ્ધા આપણી વૃત્તિ, આહાર, યજ્ઞ, દાન અને તપ – આ બધામાં ઝળકે છે.

શ્રદ્ધા મુખ્યત્વે ત્રણ પ્રકારની હોય છે.

(૧) આત્મ શ્રદ્ધા : પોતાના સામર્થ્ય અને ક્ષમતામાં વિશ્વાસ આ સૌથી મહત્વ પૂર્ણ છે, કારણ કે એના વિના કોઈપણ કાર્યમાં સફળતા મળતી નથી.

(૨) ઈશ્વરીય શ્રદ્ધા : પરમશક્તિ અથવા ઈશ્વરના અસ્તિત્વમાં અને તેના ન્યાયમાં વિશ્વાસ.

(3) શાસ્ત્રની શ્રદ્ધા : શાસ્ત્રનું વાંચન, સત્સંગ અને કથા શ્રવણથી ઉત્પન્ન થતી શ્રદ્ધા.

ગુજરાતી સાહિત્યના અનેક મહાન કવિઓ એ શ્રદ્ધાને પોતાના કાવ્યોમાં વણી લીધી છે. શ્રદ્ધાને તેમણે માત્ર ભગવાન સાથે જ નહીં, પણ જીવનના દરેક પાસાં સાથે જોડી છે.

નરસિંહ મહેતાની ભક્તિ તેમની અડગ શ્રદ્ધાનું પ્રતીક છે. તેમણે દરેક પરિસ્થિતિમાં પોતાના ઈશ્વર શ્રીકૃષ્ણ પ્રત્યે અતૂટ વિશ્વાસ રાખ્યો.

જાગીને જોઉં તો જગત દીસે નહીં,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે
ચિત્ત ચૈતન્ય – વિલાસ તદ્રુપ છે,
બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે જાગી ને જોઉં તો...
પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઉપન્યા
અણુ અણુમાં રહ્યા તે વળગી,
ફૂલને ફળ તે તો વૃક્ષનાં જાણવાં
થડ થકી ડાળ નવ હોય અળગી – જાગીને જોઉં તો...
વેદ તો એમ વદે, શ્રુતિ–સ્મૃતિ શાખ દે
કનક કુંડળ વિશે ભેદ ન્હોયે,
ઘાટ ઘડિયા પછી નામરૂપ જૂજવાં
અંતે તો હેમનું હેમ હોયે – જાગીને જોઉં તો
જીવ ને શિવ તો આમ ઇચ્છા એ થયા
રચી પ્રપંચ ચૌદ લોક કીધી
ભણે નરસૈંયો એ 'તે જ તું' 'તે જ તું'
એને સમર્યાથી કૈ સંત સીધ્યા – જાગીને જોઉં તો ...."

આ પંક્તિઓ ભલે જ્ઞાન અને વૈરાગ્ય તરફ ઈશારો કરે છે, પંચ મહાભૂત પરિબ્રહ્મથી ઉપજ્યા અને અણુ અણુમાં તે વળગીને રહ્યા છે. આશા એ જ તો ભક્તની ઈશ્વર પ્રત્યેની અનન્ય શ્રદ્ધા છે. શ્રદ્ધાથી જ તેમનો સંકટ સમયે ઈશ્વરે શામળીયા શેઠ બની હુંડી સ્વીકારી હતી.

શ્રદ્ધા અને આસ્થા ના વિષયને સ્પર્શતી અન્ય નરસિંહ મહેતાની સુપ્રસિદ્ધ કવિતા અહીં તેના અર્થ સાથે રજૂ કરું છું.

"જળકમળ છાંડી જાને બાળા, સ્વામી અમારો જાગશે.
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે.... જળકમળ
કહે રે બાળક તું મારગ ભૂલ્યો ? કે મારા વેરીએ વળાવીયો ?
મથુરા નગરીમાં જુગટુ રમતાં નાગનું શીશ હારીયો... જળકમળ
રંગે રૂડો, રૂપે પુરો, દીસંતો કોડીલો કોડામણો,
તારી માતાએ કેટલા જનમ્યા ? તેમાં તું અળખામણો.... જળકમળ
મારી માતાએ બેઉ જનમ્યા, તેમાં હું નટવર નાનડો,
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કાનડો... જળકમળ
લાખ સવાનો મારો હાર આપું, આપુ તુજને દોરિયો,
એટલું મારા નાગથી છાનું, આપુ તુજને ચોરીયો.... જળકમળ
શું કરું નાગણ હાર તારો ? શું કરું તારો દોરિયો,
શાને કાજે નાગણ તારે કરવી ઘરમાં ચોરિયો.... જળકમળ
ચરણ ચાંપી, મુછ મરડી, નાગણે નાગ જગાડીયો,
ઉઠોને બળવંત કોઈ, બારણે બાળક આવીયો.... જળકમળ
બેઉ બળીયા બાથે વળગીયા, કૃષ્ણે કાળીનાગ નાથીયો,
સહસ્ત્ર ફેણ ફુંફવે, જેમ ગગન ગાજે હાથિયો.... જળકમળ
નાગણ સહુ વિલાપ કરે છે, નાગને બહુ દુ:ખ આપશે,
મથુરા નગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે.... જળકમળ
બેઉં કર જોડી વિનવે સ્વામી ! મૂકો અમારાં કંથને,
અમે અપરાધી કાંઈ ન સમજ્યા, ન ઓળખ્યાં ભગવંતને,
થાળ ભરીને નાગણ સર્વે, મોતીડે કૃષ્ણ વધાવીયો,
નરસૈયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવીયો.... જળકમળ

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

અહીં નરસિંહ મહેતા કહે છે– આ બાળક કૃષ્ણ તો નટવર (શ્રેષ્ઠ નટ), મારા નાથ અને ગોપીજનોના વિશ્વાસ (આશ્વાસન) છે. આ અંતિમ પંક્તિમાં નરસિંહ મહેતાની અતૂટ અને શ્રીકૃષ્ણમાં પરમ શ્રદ્ધા પ્રગટ થાય ચે. તેઓ કહે છે– તે બાળકના રૂપમાં કાલિય નાગનો નાશ કરવા આવ્યો છે, તે જ મારું સર્વસ્વ અને મારી આસ્થાનું કેન્દ્ર છે. ઈશ્વરીય શક્તિમાં શ્રદ્ધા રાખનારને જગતનો કોઈ ડર કે ભય સ્પર્શી શકતો નથી.

મીરાંબાઈ તો શ્રદ્ધા અને ભારતીય ભક્તિનું એક અનન્ય શિખર છે. તેમની શ્રદ્ધા માત્ર પૂજા – પાઠ પૂરતી મર્યાદિત ન હોતી, પરંતુ તે "અનન્ય ભક્તિ" અને "આત્મસમર્પણ"નું ઉત્કૃષ્ટ ઉદાહરણ હતું. મીરાં માટે કૃષ્ણ એ કોઈ મૂર્તિ નહીં પણ સાક્ષાત પતિ અને પરમેશ્વર હતા.

મીરાંબાઈની શ્રદ્ધાનો પાયો નાનપણમાં જ નંખાયો હતો. જ્યારે તેમણે પુછ્યું કે "મારો વર કોણ ?" અને તેમની માતાએ રમત રમતમાં કૃષ્ણની મૂર્તિ બતાવી ત્યારથી મીરાંબાઈએ કૃષ્ણને જ સર્વસ્વ માની લીધા હતા.

તેમની શ્રદ્ધા આ પંક્તિઓમાં દેખાય છે :–
"મેરે તો ગિરધર ગોપાલ, દૂસરા ન કોઈ
જાકે સિર મોર મુકુટ, મેરો પતિ સોઈ"

મીરાંબાઈની શ્રદ્ધાની સૌથી મોટી કસોટી ત્યારે થઈ જ્યારે તેમના સાસરી પક્ષ (રાણાજી) દ્વારા તેમને મારવાના પ્રયત્નો થયા. લોકવાયકા અને તેમના પદો મુજબ જ્યારે તેમને ઝેરનો પ્યાલો મોકલવામાં આવ્યો, ત્યારે તેમની કૃષ્ણ પ્રત્યેની શ્રદ્ધાએ ઝેરને પણ અમૃત બનાવી દીધું એ જમાનામાં રાજપૂત રાણી માટે મહેલ છોડીને સાધુ–સંતો સાથે બેસીને ભજન કરવા તે બહુ મોટી વાત હતી. લોકો એ તેમની નિંદા કરી, પણ મીરાંબાઈની શ્રદ્ધા અડગ હતી.

"રાણોજી રૂઠશે તો રાજ તજવશે,
પ્રભુજી રૂઠશે તો મરી જાશું,

લોક લાજ કુળની મર્યાદા,
મૈં તો ત્યજી છે મેવાડની રે."

મીરાંબાઈની શ્રદ્ધામાં દાસત્વ અને પ્રેમ ભાવ (મધુર ભાવ) છલોછલ હતા. તેઓ પોતાની જાતને કૃષ્ણના ચરણની રજ માનતા હતા.

"પાયોજી મૈંને રામરતન ધન પાયો,
વસ્તુ અમૂલક દી મેરે સદગુરુ
કૃપા કર અપનાયો... પાયોજી મૈંને
જનમ જનમ કી પુંજી પાઈ,
જગમે સબી ખોવાયો - પાયોજી મૈંને
ખરચે ના ખૂટે વાકો ચોર ના લૂંટે,
દિન દિન બઢત સવાયો... પાયોજી મૈંને
સતકી નાવ ખેવટિયા સતગુરુ,
ભવસાગર તર આયો... પાયોજી મૈંને
"મીરાં'કે પ્રભુ ગિરિધર નાગર,
હરખ હરખ જશ ગાયો - પાયોજી મૈંને

મીરાંબાઈની શ્રદ્ધા એ શીખવે છે કે જ્યારે મનુષ્ય પોતાના અહંકારને ઓગાળીને ઈશ્વરમાં વિલિન થઈ જાય છે, ત્યારે કુદરત પણ તેની મદદે આવે છે. તેમની શ્રદ્ધા "પથ્થરમાં પણ પરમેશ્વર" જોવાની કળા હતી, જે અંતે તેમને દ્વારકાના રણછોડરાયની મૂર્તિમાં વિલીન કરી દે છે.

- **કિશોર પરીખ,**
**ભરુચ**
**મો. ૯૮૨૫૭ ૦૬૮૦૮**

સ્વ. રક્ષા અને સ્વ. જગદીશચંદ્ર નગરશેઠના પરિવારના જય શ્રી કષ્ણ.

# વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

આ વર્ષે ચૈત્ર માસના સંઘનું આયોજન નીચે મુજબ કરવામાં આવ્યું છે.

સં. ૨૦૮૨ ચૈત્ર સુદ–૪ તા. ૨૨–૩–૨૦૨૬ રવિવારના રોજ સંઘ પાટણથી વાયડ જવા રવાના થશે. ચૈત્ર સુદ–૬ તા. ૨૪–૩–૨૦૨૬ને મંગળવારે નવચંડી હવન થશે. શ્રીફળ સાંજે ૬–૩૦ કલાકે હોમાશે.

ચૈત્ર સુદ–૮ તા. ૨૬–૩–૨૦૨૬ ગુરુવારે બપોર પછી સંઘ પરત ફરશે.

## ઉછામણી

ચૈત્ર સુદ–૪ રાત્રે જમવાના સમયે ચૈત્ર સુદ–૪ રાતની માતાજીની આરતી અને ચૈત્ર સુદ–૫ની સવારની માતાજીની આરતીની ઉછામણી બોલાશે.

**ચૈત્ર સુદ–૫ રાત્રે જમવાના સમયે નીચે પ્રમાણે ઉછામણી બોલાશે.**

- ચૈત્ર સુદ–૫ રાતની માતાજીની આરતી
- ચૈત્ર સુદ–૬ સવારની માતાજીની આરતી.
- ચૈત્ર સુદ–૬ હવનમાં બેસવાની ઉછામણી
- ચૈત્ર સુદ–૬ હવન સમયે સવારે ધજા દંડ ચઢાવવા.

  **હવનમાં બેસવાની ઉછામણી ૧૧,૦૦૦/– થી શરૂ થશે.**
- ચૈત્ર સુદ–૬ હવનમાં બેસવાના બીજા દંપતીની ચીઠ્ઠીઓ રાત્રે જમ્યા પછી સંસ્થાની ઓફીસમાં થશે. જે જ્ઞાતિજનની હવનમાં બેવાની ઇચ્છા હોય તેમણે અગાઉથી ઓફીસમાં નામ લખાવી જવાના રહેશે, જેની ન્યોછાવર ૭,૫૦૦/– રાખેલ છે. જે જ્ઞાતિજનનું નામ ચીઠ્ઠીમાં આવશે તેમણે પાંચ વર્ષ સુધી ફરીથી ચીઠ્ઠીમાં નામ લખાવવુ નહીં.
- ચીઠ્ઠીમાં નામ આવનાર જ્ઞાતિજનના પુત્ર અથવા પુત્રી હવનમાં બેસી શકશે.
- બાકીની આરતીઓ ત્યાં વરઘોડાની ઉછામણી હવન સમયે સાંજે ૫–૦૦ વાગે યજ્ઞ મંડપ પાસે થશે.

**– અજય અરવિંદભાઈ પરીખ**
**મંત્રી, પાટણ**
**મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩**

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

# શ્રી વાયુદેવતા મંદિર વડોદરા

## હવન

વાયુદેવતા મંદિર, વડોદરા ખાતે આ વર્ષે ચૈત્ર સુદ-૬નો હવન તા. ૨૪-૩-૨૦૨૬ને મંગળવારના રોજ થશે.

શ્રીફળ સાંજે ૬-૦૦ કલાકે હોમાશે.

જે જ્ઞાતિજન હવનના યજમાન થવા ઇચ્છતા હોય તેમણે શ્રી દત્તુભાઈ દવેનો મો. નં. ૯૮૯૮૩ ০৩৭৭৩ ઉપર સંપર્ક કરવો. આપ સૌ જ્ઞાતિજનોને કુળદેવતાના મંદિરે પધારવા તેમ જ હવન, આરતી અને પ્રસાદનો લાભ મેળવી લાભાન્વીત થવા અનુરોધ છે.

(૨) વડોદરા વણિક જ્ઞાતિના સભ્યો માટે, ચૈત્ર સુદ-૬ ઉપર, વડોદરાથી વાયડ સંઘમાં આ જવા-આવવા માટે બસની વ્યવસ્થા કરવામાં આવશે. જેની વિગતવાર જાણ આપ સૌને આપણા વોટ્સએપ ગ્રુપ દ્વારા કરવામાં આવશે.

(૩) વાયુ દેવતા મંદિરને વડોદરાના શ્રી હિમાંશુભાઈ ગાંધી દ્વારા કુળદેવતાજીના તથા લોકમાતાના વાઘા માટેનું કાપડ તેમજ સિલાઈની રકમ પ્રાપ્ત થયેલ છે. જે બદલ તેઓનો ખૂબ ખૂબ આભાર.

– શ્રી વાયુદેવતા મંદિર, બાજવાડ,
વડોદરા



# જ્ઞાતિનું ગૌરવ








## યાત્રાબહેન પરીખ

**(કવર સ્ટોરી)**

**યાત્રાબહેન પરીખની** કલાનો વાયડામિત્રનાં વાચકો સુપેરે પરિચિત છે. તેમણે પોતાની કલા સાધનાથી વાયડામિત્રનાં કેટલાંય અંકોની શોભા વધારી છે. આ અંકમાં કવર પેજ તેમના ચિત્રથી સુશોભિત થયુ છે.

યાત્રાબહેન કુશલભાઈ પરીખ બેંક ઓફ બરોડામાં ઓફીસર તરીકે કાર્યરત છે. તેઓ I.T. Graduate અને MBA છે. તેમને રંગોળી પૂરવાનો શોખ છે. વિવિધ પ્રસંગોએ તેમણે અદ્‌ભુત રંગોળી કરી ઈનામો પણ મેળવ્યા છે.

તેઓ સહજ રંગોળી ગ્રુપ, વડોદરા સાથે સંક્ળાલેયા છે. અયોધ્યા ખાતે રામમંદિર નિર્માણ સમયે શ્રીરામની થીમ પર સહજ ગ્રુપ સાથે મળીને રંગોળી બનાવવાનો લ્હાવો મળ્યો હતો. તેમણે તે રંગોળી ૩૬૦૦ sq feet જેટલા વિસ્તારમાં બનાવી હતી. તેની નોંધ World Book of Records એ પણ લીધી છે અને સર્ટિફિકેટ ઓફ એપ્રિસિએશન પણ એનાયત કરેલ છે.

તેમણે JCI, વલસાડમાં પણ સતત બે વર્ષ સુધી પ્રતિયોગિતામાં સફળતા મેળવી પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે.

તેઓ સામાન્ય રીતે 3' × 6' અથવા 6' × 4' ની સાઈઝની રંગોળી બનાવે છે. આ રંગોળી બનાવતાં લગભગ ૮ થી ૧૦ કલાક જેટલો સમય લાગે છે.

યાત્રાબહેનનાં જણાવ્યા પ્રમાણે તેઓ સામાન્ય રંગોનો ઉપયોગ કરે છે કોઈ વિશિષ્ટ રંગોનો ઉપયોગ કરતાં નથી પરંતુ જરૂરિયાત મુજબ રંગોને ચાળણીથી ચાળીને, અલગ-અલગ સાઈઝના રંગોનો ઉપયોગ કરે છે.

તેમની આ કલા અદ્‌ભુત છે. આ કલા ધીરજ, સમર્પણ, મનની શાંતિ જેવા ગુણો માંગી લે છે. પોતાની કલા સાધનાથી તેઓ સમાજમાં પોતાની વિશિષ્ટ ઓળખ બનાવે અને વિવિધ પ્રતિયોગિતામાં વિજય મેળવી કલાનું, કુટુંબનું અને જ્ઞાતિનું નામ રોશન કરે તેવી ભાવના સાથે ખૂબ ખૂબ અભિનંદન.

– તંત્રી

## જ્ઞાતિનું ગૌરવ



### ડૉ. વિદ્યા અમર પરીખ

પાટણ દશા વાયડા જ્ઞાતિના શ્રી અમરભાઈ અશોકભાઈ રસિકલાલ પરીખ (સિંગાપુર નિવાસી)ના પત્ની ડૉ. વિદ્યા અમરભાઈ પરીખે અમેરિકાની પ્રતિષ્ઠિત PURDUE UNIVERSITY માંથી DIGITAL TRANSFORMATION ના THESIS સાથે DOCTOR OF TECHNOLOGY ની ડિગ્રી પ્રાપ્ત કરેલ છે. તે બદલ જ્ઞાતિ તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

આ પહેલા તેમણે ફાઇનાન્સ અને મેનેજમેન્ટના વિષયોમાં બે માસ્ટર્સ અને એક પ્રોફેશનલ ડિગ્રી મેળવેલ છે. તેઓ ઘણા વર્ષોથી સિંગાપુરમાં સ્થાયી થયેલ છે અને Business Management ના વિવિધ ક્ષેત્રોમાં International Certificates ધરાવે છે. તેઓ Business Consulting ક્ષેત્રમાં અનેક મલ્ટીનેશનલ કંપનીઓ સાથે કામ કરે છે. સિંગાપુર યુનિવર્સિટીમાં તેઓ વિઝિટીંગ લેક્ચરર તરીકે સેવાઓ આપે છે.

જ્ઞાતિ ડૉ. વિદ્યાને એમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છા પાઠવે છે.

– તંત્રી

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ
## 'વાયડામિત્ર શતાબ્દી મહોત્સવ'

### નિમંત્રણ

સુજ્ઞ જ્ઞાતિજન,

આપ સાદર નિમંત્રિત છો.

'વાયડામિત્ર શતાબ્દી મહોત્સવ'નો એક કાર્યક્રમ સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ ૬ મંગળવાર તા. ૨૪-૩-૨૦૨૬ના રોજ સવારે ૧૧-૦૦ વાગે વાયડ મુકામે યોજવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં સહકુટુંબ પધારવા આપને હાર્દિક નિમંત્રણ છે.

**– ધીરેનભાઈ કે. પરીખ**
પ્રમુખ

*અગત્યની સૂચના*

*'વાયડામિત્ર' માટે લેખો માત્ર તંત્રીશ્રીને જ મોકલવા. નાણાંકીય વ્યવહાર અથવા અંક માટેની ફરિયાદ માત્ર વ્યવસ્થાપકશ્રીને જ કરવાની રહેશે. જ્ઞાતિસમાચાર સમાચાર સંપાદકશ્રી ને જ મોકલવા. યોગ્ય વ્યક્તિને સમયસર લખાણ ન મળવાથી પ્રસિધ્ધિમાં વિલંબ થઈ શકે છે. સ્વીકૃત કે અસ્વીકૃત મેટરની જાણ કરવામાં આવતી નથી. લખાણની એક નકલ પોતાની પાસે રાખીને જ મૂળ કૃતિ મોકલવા વિનંતી છે. અન્યત્ર મોકલેલી કે પ્રસિધ્ધ થયેલી કે ઝેરોક્ષ કૃતિઓ મોકલવી નહીં. અન્ય સામયિકોમાંથી મોકલેલું મેટર સ્વીકારવામાં આવતું નથી. પૂર્વગ્રહયુક્ત લખાણો સ્વીકારવામાં આવશે નહીં. 'વાયડામિત્ર' માં પ્રસિધ્ધ થતા લખાણોની વૈધાનિક કે સંવૈધાનિક જવાબદારી જે તે લેખકની રહેશે. લેખકોના લખાણ, વિચાર કે અભિપ્રાય સાથે તંત્રી સંમત છે એમ માની લેવું નહી.*

*- તંત્રી*

## શ્રી સમસ્ત વણિક સમાજ ઉત્કર્ષ મંડળ - અમદાવાદ

સુજ્ઞ સભ્યો,

શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળના સૌ સભ્યોને જયશ્રીકૃષ્ણ.

શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળના સૌ સભ્યોને જણાવવાનું કે ઉત્કર્ષ મંડળની વાર્ષિક સાધારણ સભા (AGM) તા. ૨૨-૨-૨૦૨૬ ને રવિવારે સવારે ૧૧-૦૦ વાગ્યે નીચેના કામકાજ સારું મળશે, તો સૌ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

(૧) ઓડિટર્સ દ્વારા ઓડિટ થયેલ સને ૨૦૨૪-૨૫ના વર્ષના હિસાબો મંજૂર કરવા બાબત.

(૨) ટ્રસ્ટીઓ દ્વારા અન્ય રજૂઆત કરવામાં આવે તો તેના ઉપર વિચારણા કરવા બાબત.

**મિટીંગનું સ્થળ** : Huminivex Consulting & Training, 1108, Phoneix, Vijay Cross Road to H. L. Commerce, College Six Roads Lane, Nagrangpura, Ahmedabad-380 009

– ટ્રસ્ટી મંડળ

## અભિનંદન

### શ્રી રિપલકુમાર કીર્તિકુમાર પરીખ




અમદાવાદના શ્રી રિપલકુમાર કીર્તિકુમાર પરીખ (અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય કર્મચારી)ને તારીખ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ માં 'રાષ્ટ્રીય મતદાતા દિવસ'ના રોજ ગાંધીનગર ખાતે આયોજિત માનનીય રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલા કાર્યક્રમમાં, s.i.r. અંતર્ગત કરેલી શ્રેષ્ઠ કામગીરી બદલ શ્રેષ્ઠ બી. એલ. ઓ. સહાયકનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. – તંત્રી

# શ્રી સમીરી વણિક સમાજ - અમદાવાદ

સુજ્ઞ સભ્યો,

શ્રી સમીરી વણિક સમાજના સૌ સભ્યોને જયશ્રીકૃષ્ણ.

સૌ સભ્યોને જણાવવાનું કે શ્રી સમીરી વણિક સમાજની વાર્ષિક સાધારણ સભા (AGM) તા. ૨૨-૨-૨૦૨૬ ને રવિવારે સવારે ૧૦-૦૦ વાગ્યે નીચેના કામકાજ સારું મળશે, તો સૌ સભ્યોને હાજર રહેવા વિનંતી છે.

(૧) સમાજના સને ૨૦૨૪-૨૦૨૫ના વર્ષના હિસાબો મંજૂર કરવા બાબત.

(૨) સમાજના જે સભ્યોને કારોબારીમાં કારોબારી સભ્ય તરીકે સેવા આપવાની ઈચ્છા હોય તેઓએ મિટીંગમાં હાજરી આપવી અને પ્રમુખશ્રીને તે બાબતે જાણ કરવા વિનંતી.

(૩) પ્રમુખશ્રી દ્વારા અથવા તેમની મંજૂરીથી કોઈ રજૂઆત કરવામાં આવે તો તેની ઉપર ચર્ચા-વિચારણા કરવા બાબત.

**મિટીંગનું સ્થળ** : Huminivex Consulting & Training
1108, Phoneix, Vijay Cross Road to H. L. Commerce,
College Six Roads Lane, Nagrangpura,
Ahmedabad-380 009

**– શ્રી શરદભાઈ જે. પરીખ, પ્રમુખ**
**શ્રી દિગંતભાઈ એસ. પરીખ, મંત્રી**



ઉદય બિલ્ડકોન પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી

# સમીરી વણિક સમાજ મહિલા મંડળ અમદાવાદ

શ્રી સમીરી સમાજ મહિલા મંડળ તરફથી તા. ૨–૧–૨૦૨૬ શુક્રવારના રોજ ભજન–કીર્તન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. સંસ્થાના સભ્ય શ્રીમતી જયશ્રીબેન ધીરેનભાઈ પરીખની સંસ્થા પ્રત્યેની ઇચ્છા અને લાગણીને માન આપી તેમના નિવાસસ્થાને કાર્યક્રમ રાખવામાં આવ્યો. ૪૦ સભ્ય બહેનોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. શ્રીમતી જયશ્રીબહેને ખૂબ જ ભાવપૂર્વક બધા સભ્યોને આવકાર્યા. સેક્રેટરી શ્રી લીનાબહેને હાજર સભ્યોનું સ્વાગત કર્યું અને સંસ્થા વતી શ્રી જયશ્રીબહેનનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો.

શ્રી યમુનાષ્ટકના પાઠથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ૧૫ બહેનોએ ખૂબ સુંદર રીતે રાગ અને લયમાં ધોળ, કીર્તન, ભજન ગાઈને વાતાવરણ ભક્તિમય બનાવ્યું સાથે સાથે ગરબાની રમઝટ પણ ખૂબ માણી અને ખૂબ જ આનંદ આવ્યો. બધા સભ્યએ એમાં સૂર પૂરાવીને પણ આનંદ મેળવ્યો.

શ્રી જયશ્રીબહેને દરેક સભ્યને શ્રી ઠાકોરજીના સુંદર શણગારની ભેટ આપી. શ્રી જયશ્રીબહેન તરફથી નવીન પ્રકારની હાઉસીની રમત રમ્યા. જેમાં દરેક સભ્યને ઈનામ મળે. સંસ્થા તરફથી પણ સૌની પ્રિય હાઉસીની રમત રમાડવામાં આવી. શ્રી જયશ્રીબહેનના ઘરે વિશાળ જગ્યા, તમામ સગવડ તથા સ્વાદિષ્ટ ભોજનના કારણે કાર્યક્રમ ખૂબ જ મન ભરીને સૌએ માન્યો. જયશ્રીકૃષ્ણ કહી સૌ છૂટા પડ્યા.

**મીતા પરીખ**
પ્રમુખ

**લીના પરીખ**
સેક્રેટરી

# શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ મહિલા મંડળ

મંડળનો નવા વર્ષનો સ્નેહમિલનનો કાર્યક્રમ તા. ૨૧-૧-૨૦૨૬ને બુધવારના રોજ વાયુદેવતા હોલમા યોજવામાં આવ્યો હતો. નવા વર્ષની શરૂઆતમાં મંડળ હમેશાં સભ્ય બહેનો માટે ભોજનના કાર્યક્રમનું આયોજન કરે છે. આ વખતે ઘણા બહેનોની ઈચ્છા બાજરીની ખીચડીનો આસ્વાદ માણવાની હતી તેથી કારોબારી કમીટીએ બહેનોની ઈચ્છાને માન આપી શિયાળુ સ્પેશિયલ વાનગી બાજરીની ખીચડી - મીની ઊંધીયુ - તળેલા મરચાંનું ભોજન રાખવામાં આવ્યું હતું. આ તમામ વાનગીઓ કમિટી સભ્યો જયશ્રીબેન, લીનાબેન, નીતાબેન, પલ્લવીબેન, અલકાબેન, શોભનાબેન એન., સ્નેહાબેન, શોભનાબેન એસ. દ્વારા બનાવવામાં આવી હતી.

યમુનાષ્ટકના પાઠથી કાર્યક્રમની શરૂઆત થઈ. ત્યારબાદ સભ્ય બહેન શ્રીમતી પન્નાબેન વી. ચોકસીના દુઃખદ અવસાન નિમિત્તે બે મિનિટનું મૌન રાખવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં બહેનોની હાજરી હોવાથી બધાની મનગમતી હાઉસીની રમતના બે રાઉન્ડ રમાડવામાં આવ્યા હતા. બધાંને રમવાની ખૂબ મજા પડી. ત્યારબાદ સહિયારા પ્રયાસ દ્વારા તૈયાર કરેલ સાત્વિક શિયાળુ બાજરીની ગરમાગરમ ખીચડી - ઉંધીયુ ખાવાની ખૂબ મજા પડી. સૌએ કમિટી નો આભાર માન્યો.

મંડળના પ્રમુખ જયશ્રીબહેન તથા સભ્ય માયાબેન ૭૫ વર્ષ પૂર્ણ કર્યા તેથી નીચે મુજબ ભેટ આપી હતી. સૌએ તાળીઓથી તેમનું સ્વાગત કર્યું અને ખૂબ અભિનંદન આપ્યા અને દીર્ઘાયુ જીવનની શુભેચ્છા પાઠવી.

રૂ. ૧૧,૦૦૦/- જયશ્રીબેન જગદીશભાઈ શાહ

રૂ. ૫,૦૦૦/- માયાબેન ઉમાકાંત ભાઈ પરીખ

તરફથી મંડળને ભેટ મળેલ છે. મંડળે તેમનો આભાર માન્યો. સંધ્યાની ફૂલ ગુલાબી ઠંડીમાં ભોજનની મોજ માણી જયશ્રીકૃષ્ણ કહી સહુ છૂટા પડ્યાં.

**જયશ્રીબેન શાહ** — પ્રમુખ

**લીનાબેન શાહ** — સેક્રેટરી

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ તથા સ્વ. શોભનાબહેન રમેશચંદ્ર પરીખ ના જય શ્રી કૃષ્ણ

# શબ્દવ્યૂહ - ૧૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ૪ | | ૫ | ૬ |
| | | ૭ | | ૮ | | | ૯ | |
| ૧૦ | ૧૧ | | | | | ૧૨ | | |
| ૧૫ | | | ૧૬ | ૧૭ | | | | ૧૮ |
| | ૧૯ | ૨૦ | | | | | ૨૧ | |
| ૨૨ | | | | | | | ૨૩ | |
| ૨૪ | | | ૨૫ | | | ૨૬ | | |
| | | ૨૭ | | | ૨૮ | | | |

**આડી ચાવી :** (૧) વિષ્ણુ ભગવાનના પ્રતીક તરીકે પૂજાતો કાળો. લીસો, ગોળ પથ્થર–૪ (૪) ગોઠવણ; બંદોબસ્ત–૪ (૭) કમનસીબ; અભાગિયું–૪ (૯) પૃથ્વી–૨ (૧૦) છૂટાછેડા; ફારગતી–૩ (૧૨) માખણ; ખુશામત–૩ (૧૪) ભાગોળ આગળનું મેદાન–૩ (૧૫) સંદેહ; વહેમ–૨ (૧૬) જીવન પર્યંતનું–૪ (૧૯) જીવજાન; અતિપ્રિય; વિશ્વાસુ–૫ (૨૧) મર્યાદા; સીમા–૨ (૨૩) મૃત્યુનો દેવ; યમ–૨ (૨૪) સ્પર્ધા; ચડસાચડસી; હરીફાઈ–૪ (૨૬) કપાસ લોઢવાનો સંચો; રેંટિયો–૩ (૨૭) પરવાનગી સંમતિ; છુટી–૨ (૨૮) માબાપ–૪

**ઊભી ચાવી :** (૧) નિત્ય; કાયમ–૩ (૨) ઘરાક; ગ્રહણ કરનાર–૩ (૩) અભિપ્રાય; વોટ–૨ (૪) ઉદ્યમી પુરુષ; યોગી–૨ (૫) બે ભાગ ઘટ્ટ જોડવા માટે વચ્ચે

મૂકાતી તકતી–૪ (૬) પ્રાંત; હકૂમતનો પ્રદેશ–૩ (૮) નસીબ–૨ (૧૧) યોગ્યતા; હેસિયત–૪ (૧૨) કામદેવ–૩ (૧૩) રોફ; ભપકો; દબદબો–૩ (૧૪) પવિત્ર; શુદ્ધ–૩ (૧૭) હઠ; મમતા–૨ (૧૮) માણસખાઉં–૫ (૨૦) ધાતુ ગાળવાનો એક ખાર–૪ (૨૧) મુસલમાનોમાં મોટા કે પૂજ્ય માણસને લગાડાતો માનવાચક શબ્દ–૪, (૨૨) સોગંદ;શપથ–૩ (૨૫) પીડા;કષ્ટ;હાનિ–૨ (૨૬) મોતીનું એક તોલ; હોંશ; સ્વાદ; લહેજત–૨

## શબ્દવ્યૂહ ૧૬ ના જવાબો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ચ | ક | ચા | ર | | પ | હે | રો | |
| રો | ક | ક | ળ | | ર | ત | | ખ |
| | ળા | | ત | મા | ચો | | ર | બ |
| વા | ટ | | ર | મા | | સા | બ | ર |
| તા | | ખા | | | આ | વ | ર | દા |
| વ | ગ | ડો | | વ | | ઘા | | ર |
| ર | તિ | | ન | સ | | ન | દી | |
| ણ | | બા | ગ | વા | ન | | ન | ફો |
| | ટ | ગ | ર | ટ | ગ | ર | | જ |

સ્વ. કાંતિલાલ કૃષ્ણલાલ પરીખ (કડી) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

**પરિણામ :**

**બધા ખરા :** (૧) પ્રેરણાબેન કે. પરીખ મુંબઈ (૨) દિપકભાઈ દલાલ મુંબઈ (૩) અશોક એચ. શાહ અમદાવાદ (૪) હરેશ એમ. પરીખ પાટણ (૫)દીપલભાઈ ચોક્સી, અમદાવાદ (૬) અશોકભાઈ આર. પરીખ, પાટણ (૭) પ્રમોદ આર. પરીખ અમદાવાદ (૮) પ્રફુલ્લાબેન જે. શાહ અમદાવાદ (૯) આજજનેય શાહ બાલાઘાટ (મ.પ્ર.) (૧૦) કિર્તીબેન કે. શાહ વડોદરા (૧૧) ગીતાબેન પી. શાહ અમદાવાદ (૧૨) નવીનચંદ્ર ડી ગાંધી ભરૂચ (વડોદરા) (૧૩) રોહિત સી. પરીખ વડોદરા (૧૪) યોગેશ જે. પરીખ અમદાવાદ (૧૫) સ્મૃતિ આર. શાહ અમદાવાદ (૧૬) પ્રીતિ પી. શાહ ભુજ (૧૭) હેમાલી શાહ માધાપર ભુજ (૧૮) પરિમલ એમ. પરીખ અમદાવાદ (૧૯) સંગીતા એમ. શાહ મુંબઈ (૨૦) રશ્મિબેન કે. શાહ અમદાવાદ (૨૧) હેતલ એ. પરીખ અમદાવાદ (૨૨) વર્ષાબેન એન. ચોકસી અમદાવાદ (૨૩) મધુરી કિનખાબવાલા અમદાવાદ (૨૪) ઈલાબેન પી. શાહ પાટણ (૨૫) જયશીલ મારફતિયા મુંબઈ (૨૬) પ્રતિમા કે. શાહ વડોદરા (૨૭) ભારતી ડી. શાહ મુંબઈ (૨૮) નીલા જે. મહેતા, મુંબઈ (૨૯) દિનેશ પરીખ કલોલ

૧ ભૂલ : (૧) માધવી એન. પરીખ અમદાવાદ (૨) આશા એ. શાહ ભુજ

૨ ભૂલ : (૧) અર્પણાબેન એ. શાહ અમદાવાદ

૩ ભૂલ : (૧) ભરત પરીખ અમદાવાદ (૨) હિરલ એન. શાહ ભુજ

જવાબો ૨૦ તારીખ સુધીમાં (મો.) ૯૭૨૬૦ ૪૦૨૬૨ પર મોકલી આપશો.

**– સુધીરભાઈ પી. શાહ**

**મહેસાણા**

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક : દીપક મહેન્દ્રભાઈ શાહ**, ૪૦, આરોહી રેસીડેન્સી, બિલોરી સોલિટેર પાસે, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૮

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત વ્યવસ્થાપકને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## અવસાન

નીચે દર્શાવેલા જ્ઞાતિજનોનું દુઃખદ અવસાન થયેલ છે. 'શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ' તેમને શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. શ્રીજીબાવા તેમના આત્માને પરમ શાંતિ આપે તથા કુટુંબીજનો ઉપર આવી પડેલ દુઃખને સહન કરવાની શક્તિ આપે એ જ પ્રાર્થના.

**અમદાવાદ** : કુ. હેતલબહેન અનિલભાઈ પરીખ, ઉ.વ ૫૫, તા. ૨૭–૧૨–૨૦૨૫નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**કચ્છ–ભૂજ** : વિમળાબેન છોટાલાલ શાહ ઉ.વ ૭૨ તા. ૪–૧–૨૦૨૬નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**કચ્છ–ભૂજ** : વાયડા જયંતિલાલ હરિલાલ શાહ ઉ.વ ૮૬ તા. ૮–૧–૨૦૨૬નાં રોજ શ્રીજીચરણ થયાં છે.


**કચ્છ–ભૂજ** : (હાલ મુંબઈ) કમલેશભાઈ ચંદ્રકાંતભાઈ શાહ, ઉ.વ ૪૯ તા. ૨૧–૧–૨૦૨૬નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

**ભૂજ** : ભાગેરથીબેન હરસુખલાલ શાહ, ઉ.વ ૮૬ તા. ૨૫–૧–૨૦૨૬નાં રોજ શ્રીજીચરણ થયા છે.

**અમદાવાદ** : ભારતીબેન ભાનુકાન્ત શાહ, ઉ.વ ૭૯, તા. ૪–૧–૨૦૨૬નાં રોજ શ્રીજીચરણ થયાં છે.

# પ્રથમ પુણ્યતિથિએ સ્મરણાંજલિ

***


**સ્વ. પ્રકાશચંદ્ર નવીનચંદ્ર શાહ**

**જન્મ: ૧૩–૧૧–૧૯૪૦ શ્રીજીચરણ: ૮–૨–૨૦૨૫**

આપનું જીવન અમારી પ્રેરણા હતી
આપના આદર્શ અમારા માર્ગદર્શન હતા.
અમે આપના સરળ જીવન, ઉચ્ચ વિચારો,
દયાળુ સ્વભાવ અને આપનો પ્રેમ
ક્યારે ભૂલીશું નહીં.

**સ્નેહા કલ્પેશ શાહ**
**રાજવી, પલક**

**પિન્કી જીગીષ પરીખ**
**તનય, જૂહી**

જય શ્રી કૃષ્ણ

જય શ્રી કૃષ્ણ

***

# શ્રદ્ધાંજલિ





**સ્વ. કુ. હેતલ અનિલભાઈ પરીખ**

**જન્મ: ૧૯-૧૧-૧૯૭૦ શ્રીજીચરણ: ૨૭-૧૨-૨૦૨૫**

પરમકૃપાળુ પરમાત્મા આપના જીવાત્માને ચિર શાંતિ અર્પે તેમજ આવી પડેલ દુઃખ સહન કરવાની સૌને શક્તિ આપે એ જ પ્રાર્થના

## શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

જય શ્રી કૃષ્ણ

Best Wishes From



# Shri Jethalal Acharatal Parikh
# & Smt. Vidhyagauri Jethalal Parikh Family

**RJP Infrastructure Pvt. Ltd.**
Civil Engineers & Contractors - Since 1970
An ISO 9001 : 2008 Company
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

**J.J. Parikh & Brothers**
Pharmaceutical Distributors
Since 1947
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

**J. Bipinchandra & Co.**
Pharmaceutical Distributors
Since 1990
Nagarshethno Vando & Biscuit Gali,
Nr. Pankor Naka, Ahmedabad-380001.

**J. J. Parikh Pharma Pvt. Ltd.**
Pharmaceutical Distributors
Since 1996
C & F Agent for Pharmaceutical Companies
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

**Late Shri Jashubhai J. Parikh - Adv.**
**Mrugesh J. Parikh – Advocate**
Panel Advocate of more than15 insurance companies
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317


**JARUN**
**Pharmaceuticals Pvt. Ltd.**
Pharmaceutical Company
Since 2007
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad. Tele. No. 9426700326

Ramendra – Gita Parikh
Keval – Kinnari
Chinmayee, Sharman
Vrajesh – Shefali Shelat
Om, Arjun

Jashubhai - Kokilaben Parikh
Harshul - Alpa, Mrugesh - Ratna
Bhrita - Aakar Choksi
Darsh - Ankita, Parita, Darshil,
Bakul - Nita Dalal
Meera - David Burns
Chinmay - Natasha Dalal

Umakant – Maya Parikh
Ina
Hiren – Shruti
Harshank, Mishika
Bhavesh – Shital Choksi
Shivam, Ritika

Registered under Postal Registration No. MEH-296 પ્રકાશન ૧૦/૨/૨૦૨૬



## ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

### તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

**મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,**

**અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫**

PRINTED BOOK February 26

If undelivered please return to : Nishith Parikh, D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470 E- Mail : vayvaset@gmail.com

Printed and Published by Nishith Parikh on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery: 2/B, Ellisbridge Shopping Centre, Opp. Townhall, Ahmedabad - 380 006 and published from D-602, Vishnudhara Gardens, Off. S.G. Highway, Gota-Jagatpur Road, Ahmedabad - 382 470. Editor : Nishith Parikh